RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૩ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળ :– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી આ સાથે જોડેલ ઝેરોક્ષમાં દર્શાવેલ મુદ્દા નં.૫ મુજબ સુરત મહાનગરપાલિકામાં થયેલ ફરિયાદની નકલ આપશો. માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૩/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી આ સાથે જોડેલ ઝેરોક્ષમાં દર્શાવેલ મુદ્દા નં.૫ મુજબ સુરત મહાનગરપાલિકામાં થયેલ ફરિયાદની નકલ આપશો. તેવી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૮ તા.૧૧–૧–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો તે અંગે તેમનો પક્ષ પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પુરક વિગતો અત્રે રજુ કરેલ નથી. જયારે અરજદારે તા.૧૦–૧–૧૨ થી નારાજગીના આધારો જણાવેલ પત્ર, મુળ અરજીની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./ ૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ ના પત્રની નકલ, ફી ની વિગતની નકલ, પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૯૩૯ તા.૭–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૧૧ થી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૯૩૯ તા.૭–૧–૧૨ થી સમય અવધિ બાદ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં આ સાથે જોડેલ ઝેરોક્ષમાં દર્શાવેલ મુદ્દા નં.૫ મુજબ સુરત મહાનગરપાલિકામાં થયેલ ફરિયાદની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ પર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. અરજદારે તેમની મુળ અરજીથી જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ./૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ થી આપેલ પ્રત્યુત્તરના મુદ્દા નં.૫ માં સ્થળ નિરિક્ષણ દરમ્યાન માલુમ પડેલ ક્ષતિ અંગે મ્યુ.નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે." ના અનુસંધાને દાખલ કરેલ ફરીયાદની નકલ માંગેલ જે જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાની જોગવાઈ હેઠળ પુરી પાડવાની થાય અથવા કલમ–૮,૯ કે ૧૧ ના અપવાદને અનુલક્ષી ઈન્કાર કરવાનો થાય પરંતુ જાહેર માહિતી અધિકારીએ સમય અવધિમાં તેમ કરેલ નથી.

વિલંબિત પ્રત્યુત્તરમાં દફતરે આવી માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે તેમના અગાઉના પ્રત્યુત્તર સાથે વિરોધાભાસ દર્શાવે છે.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે ફરીયાદની નકલ આપવામાં આવેલ નથી તથા જવાબપણ મળેલ નથી. તેવુ જણાવેલ. અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૮ તા.૧૧–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો તે અંગે તેમનો પક્ષ પણ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અરજીનો વ્યવસ્થિત અભ્યાસ કરતા નથી અથવા ખોટુ ખોટુ લખી મજાક ઉડાડી રહયા છે. અરજદારની તા. ૨૪–૧૧–૧૧ની અરજી અંગે ઝોનલચીફ તેમના જવાબમાં તા.૨૪–૧૨–૧૧ ની અરજી લખીને તેમના તરફથી મોડુ થયું છે તે છુપાવી રહયા છે. તા.૭–૧–૧૨ ના રોજ ઝોનલચીફ તરફથી જવાબ મળ્યો છે તે સદંતર ખોટી રીતે આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી માંગવામાં આવેલી માહિતી હેઠળ ખોટી વસ્તુ લખીને દફતરી રેકર્ડ ઉપલબ્ધ નથી તેમના ધ્વારા શું તપાસ કરી તે નથી માંગી પણ તા.૧૬–૧૧–૧૧ ના રોજ એસ.એમ.સી તરફથી (સે.ઝોન/આરટીઆઈ/આ.૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ ) એડવોકેટ નેહા સિંગાપુરીને આપવામાં આવેલ જવાબના ક્રમાંક નં.૦૫ માં સ્થળ નિરીક્ષણ દરમ્યાન માલુમ પડેલ ક્ષતિ અંગે મ્યુ.નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જે ફરીયાદની નકલ મેળવવા અરજી કરી હતી. જે અંગે ઝોનલ ચીફે સદંતર ખોટો જવાબ આપેલ છે. તેવુ જણાવેલ છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ બાબતમાં નામદાર મ્યુ. અદાલતમાં દાખલ કરેલ ફરીયાદની દફતરી નકલ અરજદારને દિન–૭ માં પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન જણાવવામાં આવે છે.."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી